બનાસકાંઠા પોલીસ

પોલીસ અધિક્ષકની કચેરી
બનાસકાંઠા,પાલનપુર

નં.LIB/જાહેરનામુ-પ્રસિધ્ધી/૬૫૯/૨૦૧૮
તારીખ:-૨૬/૦૨/૨૦૧૮
ફોન: ૦૨૭૪૨-૨૫૪૫૯૪
Email -: sp-ban@gujarat.gov.in

## વાયરલેસ મેસેજ

પ્રતિ :- પોલીસ ઇન્સ.શ્રી ડીસા શહેર ઉત્તર, દક્ષિણ પો.સ્ટે.,પો.સ.ઇ.શ્રી ડીસમ શહેર ટ્રાફીક.

જાણ :- ના.પો.અધિ.શ્રી ડીસા સી.પી.આઇ.શ્રી ડીસા.

પ્રેષક :- પોલીસ અધિક્ષક બનાસકાંઠા પાલનપુર

વિગત:- જીલ્લા મેજી.શ્રી બનાસકાંઠા પાલનપુરનાઓના નં.ડી./એમએજી/૧/જાના-૩૧/૨૦૧૮ વશી.૨૦૧૩-૨૫/૧૮ તા.૨૨/૦૨/૨૦૧૮થી ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૩૩(૧) પેટા કલમ ૧ ના ખંડ (ખ) મુજબ ડીસા શહેરમાં જધતી જતી ટ્રાફીક સમસ્યાઓ હલ કરવા માટે તથા કાયદો અને વ્યવસ્થા જાળવવા સારૂ જીલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠા,પાલનપુરનાઓએ જાહેરનામું બહાર પાડેલ હોય જે પેટામાં સામેલ રાખી મોકલી આપેલ હોઇ જેની અમલવારી કરાવવા સુચના છે.

" પોલીસ અધિક્ષકશ્રીના હુકમથી "

પોલીસ ઇન્સ.એલ.આઇ.બી.
જીલ્લા પોલીસ અધિક્ષક
બનાસકાંઠા પાલનપુર વતી

**જિલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠા દ્વારા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ–૩૩(૧) મુજબનું જાહેરનામુ**

નં.ડી/એમએજી/૧/જાના–૩૫/૨૦૧૮/વશી.૮૦૬૩-૯૭/૧૮

જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
બનાસકાંઠા પાલનપુર
તા.૨૨/૦૨/૨૦૧૮

ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧(મુંબઈના ૨૨ માં)ની કલમ –૩૩(૧) પેટા કલમ –૧ના ખંડ (ખ) મુજબ કાઢવા ધારેલા જાહેરનામાંનો નીચે મુજબનો મુસદો જેનાથી અસર થવાનો સંભવ હોય તેવી વ્યકિતઓની જાણ સારૂ સદરહું કલમ – ૩૩ ની પેટા કલમ – ૧ ના ખંડ (ખ) થી ઠરાવ્યા પ્રમાણે પ્રસિધ્ધ કર્યો છે. અને આથી નોટીસ આપવામાં આવે છે કે, સદરહું મુસદો જિલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠા પાલનપુર ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૧ મહિનો પુરો થયેથી ફેર વિચારણા કરશે.

ઉપરોકત મુદત પુરી થતાં પહેલાં સદરહું મુસદાના સંદર્ભમાં કોઈ વ્યકિત તરફથી જિલ્લા મેજીસ્ટ્રેટ બનાસકાંઠા, પાલનપુરને કોઈ વાંધા – સુચનો મળશે તેની ઉપર તેઓ વિચારણા કરશે.

## <u>જાહેરનામાનો મુસદો</u>

ગુજરાત પોલીસ અધિનિયમ–૧૯૫૧(મુંબઈના ૨૨ માં)ની કલમ –૩૩ ની પેટા કલમ –૧ના ખંડ (ખ) થી જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બનાસકાંઠાને મળેલ સત્તાની રૂએ ડીસા શહેરમાં નીચે જણાવેલ વિસ્તારો તેમજ રસ્તાઓ ઉપર ભારે વાહનો જેવા કે, ટ્રક, ટ્રેકટર (શાકભાજી સિવાય), ટર્બો, ટ્રેઈલર, લકઝરી વિગરેની અવર – જવર ઉપર સવારના ૯:૦૦ કલાકથી ૮ :૦૦ કલાક સુધી પ્રવેશ થઈ શકશે નહી.

૧. ડીસા બગીચા સર્કલથી મુખ્ય બજાર રોડ, ફુવારા સર્કલ, દેના બેંક, લેખરાજ ચાર રસ્તા, સોની બજાર અને સદર બજાર રોડ સુધી

૨. ડીસા દેનાબેંક ચોકથી આંબલીકુવા, રીસાલા મંદિર ચોક, ગાંધીચોક સુધી

૩. ડીસા હાઈવે નવા બસ સ્ટેન્ડથી બગીચા સર્કલ, શાક માર્કેટ, એસ.સી.ડબલ્યુ હાઈસ્કુલ સર્કલ, સંત અન્ના સ્કુલ અને ભોપાનગર ચોકડી સુધી

૪. ડીસા હાઈવે ગાયત્રી મંદિરથી જુના બસ સ્ટેન્ડ, ફુવારા સર્કલ સુધી

ડીસા જુના બસ સ્ટેશનમાં માત્ર મેઈન્ટેનન્સ માટે જતી આવતી એસ.ટી. બસો જઈ શકશે તેમજ સરકારી ભારે વાહનો અને આવશ્યક સેવાઓવાળા વાહનોને આ જાહેરનામાંથી મુકિત રહેશે.

ડીસા શહેરમાં પ્રવેશબંધી દરમ્યાન ભારે વાહનો ડીસા હવાઈ પિલ્લર ખાતે પાર્કીગ કરી તેમાંથી માલ સામાન ઉતારી નાના વાહનોથી માલની હેરફેર કરી શહેરમાં લઈ જઈ શકશે.

આજરોજ તા.૨૮મી ફેબ્રુઆરી સને ૨૦૧૮ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

(દિલીપ રાણા)
જિલ્લા મેજીસ્ટ્રેટ
બનાસકાંઠા

**<u>નકલ જયભારત સહ જાણ તથા પ્રસિદ્ધિ સારૂ રવાનાઃ–</u>**

(૧) પોલીસ અધિક્ષકશ્રી બનાસકાંઠા પાલનપુર
(૨) સબ ડીવિઝનલ મેજીસ્ટ્રેટશ્રી, ડીસા
(૩) વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી, ડીસા
(૪) એકઝીકયુટીય મેજીસ્ટ્રેટશ્રી, ડીસા
(૫) પો.ઈ..શ્રી ડીસા શહેર ઉતર/દક્ષિણપો.સ્ટે.
(૬) નાયબ માહિતી નિયામકશ્રી, ઈદગાહ રોડ, પાલનપુર
  ૨/– સ્થાનિક વર્તમાન પત્રોમાં પ્રસિદ્ધ કરવા સારૂ
(૭) મેનેજરશ્રી સરકારી પ્રેસ વડોદરા તરફ
  ૨/– રાજયપત્રના અસાધારણ ભાગમાં પ્રસિદ્ધ કરી, ગેઝેટની ૧૦નકલો મોકલી આપવા સારૂ
(૮) નાયબ સચિવશ્રી ગૃહવિભાગ સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારૂ
(૯) જિલ્લા અને સેસન્સ જજશ્રી, ડીસા તરફ
(૧૦) કાર્યપાલક ઈજનેરશ્રી માર્ગ અને મકાન (રાજય) પાલનપુર
(૧૧) મુખ્ય અધિકારીશ્રી, ડીસા નગરપાલિકા
  ૨/– યોગ્ય સ્થળે જાહેરનામાનું બોર્ડ મુકવા સારૂ.
(૧૨) અત્રેની કચેરીના નોટીસબોર્ડ ઉપર
(૧૩) સિલેકટ ફાઈલે.